## કોરોનાવાયરસ રોગ 2019 (કોવિડ-19)

# સફાઇ ઉત્પાદનોથી ચામડીને નુકસાન થતું કેવી રીતે અટકાવવું

**કોવિડ-19 નો ફેલાવો અટકાવવા તમારા હાથ ધોવા અથવા સેનિટાઇઝ કરવાની અને તમારા પર્યાવરણમાં વસ્તુઓ અને સપાટીઓ સાફ કરવાની ભલામણ કરવામાં આવે છે. જોકે, વારંવાર સાફ કરવાથી તમારી ચામડીને અસર થઇ શકે છે. આ તથ્ય પત્રિકા સફાઇ ઉત્પાદનોથી થતી સંભવિત હાનિઓથી તમારી ચામડીનું રક્ષણ કેવી રીતે કરવું તેનાં પરની વિચારણા પ્રદાન કરે છે.**

## સામાન્ય સિદ્ધાંતો

- જો સંભવ હોય તો મોઇશ્ચરાઇઝર ધરાવતા હોય તેવા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરવો. ચામડીનું પોષણ થતું રહે તે માટે ઘણા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરોમાં મોઇશ્ચરાઇઝર ઉમેરવામાં આવે છે.
- હાથ અવારનવાર સાબુ અને પાણીથી ધોવા જોઇએ અથવા જો સાબુ અને પાણી ઉપલબ્ધ ન હોય તો હેન્ડ સેનિટાઇઝર બાદ પ્રી-મોઇસ્ટન્ડ ટોવલેટથી સાફ કરી શકાય છે. જો હાથ પર દેખીતી માટી હોય તો આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ ન કરવો જોઇએ.
- સામાન્ય રીતે વપરાતા ક્લીનર્સ અને ડિસઇન્ફેક્ટન્ટ્સ કોવિડ-19 સામે અસરકારક છે.
  - ભિન્ન પ્રકારોનાં રાસાયણિક ઉત્પાદનોને ક્યારેય એકસાથે મિશ્ર કરવા નહીં.
  - હંમેશા રાસાયણિક ઉત્પાદનોનાં લેબલ પર આપેલી સૂચનાઓનું પાલન કરવું.

## તમારા હાથને સાફ રાખતી વખતે તેઓનું કેવી રીતે રક્ષણ કરવું

### આટલું કરો

- સાબુ અને હૂંફાળા પાણીનો ઉપયોગ કરીને હાથ ધોવા અને સારી રીતે ખંગાળવા.
- હાથ ધોયા પછી સારી ગુણવત્તાનાં પેપર ટોવેલ અથવા સ્વચ્છ હાથ રૂમાલથી તમારા હાથ સુકાઇ જાય ત્યાં સુધી થાબડો.
- અવારનવાર મોઇશ્ચરાઇઝિંગ લોશનનો ઉપયોગ કરો. જો સંભવ હોય તો મોઇશ્ચરાઇઝર અથવા સ્કિન કન્ડિશનર સાથે બનાવવામાં આવેલા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝર પસંદ કરો.

### આટલું ન કરો

- સાબુ અને પાણીથી હાથ ધોયા પછી તુરંત જ આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ ન કરવો, કારણ કે તે તમારી ચામડીને શુષ્ક બનાવશે.
- પ્રથમ તમારા હાથ ભીના કર્યા વગર સાબુ લગાડવો નહીં.
- તમારા હાથ સાફ થાય અને સંપૂર્ણ સુકાઈ જાય ત્યાં સુધી ગ્લોવ્ઝ પહેરવા નહીં.

# સફાઇ ઉત્પાદનોથી તમારી જાતનું રક્ષણ કેવી રીતે કરવું

## હાથની સ્વચ્છતાનાં ઉત્પાદનોની પસંદગી કરવી



- 60-90% આલ્કોહોલ ધરાવતા આલ્કોહોલ-આધારિત હેન્ડ સેનિટાઇઝરનો ઉપયોગ કરવો..
- બળતરા ઓછી કરવા, મોઇશ્ચરાઇઝર અથવા ઇમોલિયેન્ટ્સ/સ્કિન કન્ડિશનર ધરાવતા હોય તેવા ઉત્પાદનો પસંદ કરવાનો પ્રયાસ કરવો.
- સુગંધ વગરનાં હાથનાં સાબુ, ક્લીન્સર અને લોશનનો ઉપયોગ કરવો.

## સફાઇ ઉત્પાદનોનો સુરક્ષિત ઉપયોગ કરવો

- સફાઇ દ્રાવણો યોગ્ય રીતે બનાવવા. હંમેશા ઉત્પાદક દ્વારા પ્રદાન કરવામાં આવેલી સુરક્ષાની માહિતીનું પાલન કરવું.
    - કોઇપણ ક્લીનિંગ એજન્ટનો ઉપયોગ કરતા પહેલા, તેનો યોગ્ય ઉપયોગ સમજવા માટે લેબલની, તેનો ઉપયોગ કરતી વખતે રાખવાની જરૂર હોય તેવી સાવચેતીઓની અને આકસ્મિક સંસર્ગો દરમિયાન શું કરવું તેની સમીક્ષા કરવી.
    - જ્યાં શક્ય હોય, ત્યાં પૂર્વ-મિશ્રિત દ્રાવણોનો ઉપયોગ કરવો; અન્યથા, પ્રોડક્ટ લેબલ પર આપેલી સૂચનાઓ મુજબ સાંદ્ર દ્રાવણોને મંદ બનાવવા. રસાયણો મિશ્ર કરતી વખતે અથવા રેડતી વખતે ગ્લોવ્ઝ અને આંખનું રક્ષણ પહેરવા.
    - બ્લીચને માત્ર પાણી ઉમેરી મંદ બનાવો (વધારાનાં રસાયણો નહીં).
    - સારા હવાઉજાસ ધરાવતા ક્ષેત્રમાં બ્લીચ દ્રાવણો બનાવો.
- ઉત્પાદનોને સપાટીઓ પર વ્યાપક રીતે લગાડવા માટે ટ્રિગર સ્પ્રેનાં ઉપયોગને ટાળવો; નોઝલને સ્ટ્રીમ મોડમાં ફેરવવી અથવા ક્લીનિંગ કપડામાં સીધો છંટકાવ કરવો.
- ડિસઇન્ફેક્ટન્ટ્સ, ઘરગથ્થુ ક્લીનર્સ અને બ્લીચ પર્યાવરણમાં નિર્જીવ સપાટીઓ માટે છે. આ ઉત્પાદનોને ક્યારેય ચામડી પર ન વાપરવા કે ઇન્જેસ્ટ કે ઇન્જેક્ટ ન કરવા.
- સફાઇ ઉત્પાદનોને હાથ ધરતી વખતે, ઉપયોગ કરતી વખતે અને નિકાલ કરતી વખતે ગ્લોવ્ઝ અને કોઇપણ વધારાનાં વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો (PPE) પહેરો (ઉત્પાદક દ્વારા ભલામણ કરવામાં આવ્યા અનુસાર).

## વાયરસ વિશે જાણકારી મેળવો

કોવિડ-19 વિશે વધુ જાણકારી મેળવવા અને અદ્યતન માહિતી મેળવવા માટે ઓન્ટેરિયો મિનિસ્ટ્રી ઑફ હેલ્થની વેબસાઇટની મુલાકાત લો: ontario.ca/coronavirus.

વધુ માહિતી માટે, કૃપા કરીને સંપર્ક કરો: ____________________________________________

**આ દસ્તાવેજમાં રહેલી માહિતી 30 ઓક્ટોબર 2020 મુજબ વર્તમાન છે.**

**©ક્વીન્સ પ્રિન્ટર ફોર ઓન્ટેરિયો, 2020**

Ontario